ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૯ ટકા

## સે-૨૨ સરસ્વતી વિદ્યાલય આયોજિત

# ‘શિશુનગરી’માં ભૂલકાઓને જ્ઞાન સાથે ગમ્મત






ગાંધીનગર, તા.૩
અનૌપચારિક શિક્ષણ દ્વારા યુગાનુકુલ પરિવર્તન લાવવાના હેતુથી આજે સે-૨૨ સ્થિત વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યાલય દ્વારા ‘શિશુનગરી’ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આખા દિવસ માટે બાળકો માટે ગઈકાલ, આજ અને ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં શું થશે તે થીમ પર કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત બાળકો માટે અવનવી રમતો જે તેમના ઘડતરમાં ઉપયોગી બની રહે અને સાથે સાથે ટ્રાફિક સિગ્નલની સમજ માટે ફરતી ઈલેકટ્રીક રીક્ષા દ્વારા બાળકોને સમજ અપાઈ હતી.

બાળકોના ઘડતરની પ્રક્રિયા સરળ બની રહે તે માટે સે-૨૨ સ્થિત વિદ્યાભારતી સંશોધન કેન્દ્ર સંચાલિત સરસ્વતી શિશુવાટિકા ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને રમવા માટે ક્રિડાંગણ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાના બાળકો દ્વારા ‘માખી આવી મચ્છર આવ્યા માંદગી આવી, સ્વચ્છતા કેમ ન લાવી’ ગીત સાથે નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૧૧૯નું ભારત કેવું હશે એની ઝલક સાથે પહેલા ભારત કેવું હતું તે વિષય સાથે અભિવ્યકિત ગૃપની બાળાઓ દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યું હતું. મુખ્ય સેવિકા તાલીમ કેન્દ્રની બહેનો દ્વારા ચાલો ભાષાને મળવા જઈએ થીમ ઉપર નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન બાળકો માટે કઠપુતળી ખેલ, રંગમચીય કાર્યક્રમો, વિવિધ પ્રદર્શની, વસ્તુ સંગ્રહાલય, રમકડાં ઘર, પક્ષીઘર, બાયોસ્કોપ, ચિત્ર સંગ્રહ, ભુલભુલામણી, ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ, કાર્ટુન, જમ્પીંગ જેવી અનેક પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. જેમાં ‘વિશ્વાસનો સ્ટોલ’ કે જેમાં બાળકોને શિક્ષણમાં કામ લાગતી વસ્તુઓ કિંમતના ટેગ સાથે મુકવામાં આવી હતી અને બાળકો જાતે જ તેની કિંમત જોઈ પૈસા ત્યાં મુકેલ ડબ્બામાં મુકતા હતા એક વિશ્વાસ રૂપે જે સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ ઉપરાંત ઈલેકટ્રીક રીક્ષા દ્વારા બાળકોને ટ્રેક પરથી પસાર થઈ ટ્રાફિકના નિયમો પ્રત્યે સજાગ કરવાની હતી તે પણ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. દરેક પ્રવૃત્તિ વિના મૂલ્ય બાળકો માટે આયોજીત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગાંધીનગરના ઘોષિત મેયર રીટાબેન પટેલ, સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ નીતિનભાઈ પેથાણી, વિદ્યાભારતી સંસ્થાના ટ્રસ્ટી વિદ્યાબેન પસારી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શર્મિષ્ઠાબેન કુચારા દ્વારા કરવામાં આવ્યું હતું.

## છાલા પાસેથી ફ્રીજના ભંગારના ઓથા હેઠળ લવાતો વિદેશી દારૂ ઝડપાયો



ગાંધીનગર, તા.૩
ફ્રીજના ભંગારના ઓથા હેઠળ લાવવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો ભરી રાજસ્થાન તરફથી આવતા ટ્રકને ગઈકાલે રાત્રે છાલા પાસેથી ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડી પાડયો છે. પોલીસે ટ્રકની ચકાસણી કરતા તેમાંથી વિદેશી દારુની કુલ પેટી નં-૬૪૮ તેમજ ટ્રક અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૪૩,૩૩,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી એક ઈસમને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શનિવારની રાત્રીના સમયે એલસીબી પીએસઆઈ વી.એમ.ઝાલા અને તેમની ટીમના સભ્યો ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા એ.પો.કો. જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી આવતા ટ્રક નં. આર.જે.૦૯.જી.બી.-૦૯૬૩માં ભંગાર ફ્રીજને કંતાનથી ઢાંકી તેમા વિદેશી દારૂ ભરી ચિલોડા થઈ અમદાવાદ તરફ જવાની છે. બાતમીને પગલે પોલીસે તાત્કાલીક ચિલોડા સર્કલ થી હિંમતનગર તરફ જતા છાલા ગામની આગળજય ભૈરવનાથ દાલબાટી આગળ ઉભા રહીને ટ્રકની વોચમાં ટીમ ગોઠવાઈ ગઈ હતી. ત્યારબાદ બાતમીવાળી ટ્રક દેખાતા તેને રોકી પાડી હતી અને ટ્રકના ડ્રાઈવરનું નામ પુછતા પોતાનુ નામ હનીફ ઉર્ફે સદામ આશુ મેવ રહેવાસી નાંગલસભા તા. હાથીન જી.પલવલ રાજય હરીયાણા નો હોવાનું જણાવ્યું હતું. ટ્રકમાં તપાસ કરતા ભંગાર ફ્રીજની ઉપર કંતાન માં વીટાળીને સીલાઈ કરેલા અને તમામ ફ્રીજનો ભંગાર નીચે જોતા વિદેશી દારૂની પેટીઓ નંગ.૬૪૮ તેમજ બોટલ નંગ-૭૭૭૬ કુલ કિ.રૂ.૩૨,૩૦૪૦૦ તેમજ ટ્રકની કિં.૧૧,૦૦,૦૦૦ તેમજ મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ. ૪૩,૩૩,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને આરોપી વિરુધ્ધ કાયેદસરની કાર્યવાહી કરી ચિલોડા પોલીસ મથકે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

૨૮મી ફેબ્રુઆરીને દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ લેકાવાડાના ધો-૫ થી ૯ના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં વિવિધ પ્રયોગોનું પ્રદર્શન યોજયું હતું. જેને ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરા અને રાજેન્દ્રભાઈ શાહ દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.



## કમિશનર મહિલા અને બાળ વિકાસ કચેરીમાં ફરજ બજાવતા દિલિપ બારોટ વય નિવૃત થતા વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જુના સચિવાલય કમિશનર મહિલા અને બાળ વિકાસ કચેરી ખાતે છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી ડેપ્યુટેશન ઉપર ફરજ બજાવતા સિનિયર કલાર્ક દિલિપભાઈ બારોટ વય નિવૃત થતા તેમનો વિદાય સમારોહ તાજેતરમાં કચેરી ખાતે યોજાયો હતો. જેમાં દિલિપભાઈને કચેરીના અધિકારી દ્વારા શ્રી ફળ અને સાકરનો પડો આપવામાં આવ્યો હતો.જયારે સાથી કર્મચારીઓએ પુષ્પગુંચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. જયારે તેમનું નિવૃત જીવન સુખમય અને આરોગ્ય મય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

અમદાવાદના થલતેજ ગામ ખાતે રહેતા દિલિપભાઈ બારોટ ૧૮-૪-૮૯માં ગોધરા ખાતે જિલ્લા પંચાયતમાં નોકરી પર લાગ્યા હતા. ગોધરા બાદ શહેરા અને ત્યાંથી ડેપ્યુટેશન પર



ગાંધીનગર ખાતે કમિશનર મહિલા અને બાળ વિકાસ કચેરી ખાતે આવ્યા હતા. આ વિભાગમાં તેઓએ બે દાયકાથી વધુ નોકરીની સફર ખેડી હતી. તેઓની વહીવટી કામ કરવાની સુઝને કારણે અધિકારીઓ અને સાથી કર્મચારીઓમાં તેઓ જાણીતા બન્યા હતા. મોટા અધિકારીથી લઈને નાના કર્મચારી સુધી તેઓ દરેકને માન આપતા હતા. કમિશનર મહિલા અને બાળ વિકાસ કચેરી ખાતે આયોજીત વિદાય સમારોહમાં તેમના અધિકારીઓ અને સાથી કર્મચારીઓએ પોતાની સાથે વિતાવેલા દિવસો અને તેમની કામગીરી યાદ કરતા સૌની આંખના ખુણા ભીના થયા હતા. જયારે દિલિપભાઈ બારોટે પણ પોતાની ફરજ દરમિયાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન અને સાથ-સહકાર આપનાર અધિકારી-કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો. જયારે સૌ સાથી કર્મચારીઓએ દિલિપભાઈ બારોટનું નિવૃત જીવન સુખમય, આરોગ્યમય પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે દિલિપભાઈ બારોટ પોતાની મુળ સ્થાને ગોધરા જિલ્લા પંચાયત કચેરી ખાતે થોડાક સમય પહેલા પરત ફર્યા હતા. ત્યારે ગોધરા જિલ્લા પંચાયત કચેરીમાં પણ તેમનો વિદાય સમારોહ યોજાયો હતો.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા બહેનો માટે સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩
શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા નારી દિન નિમિત્તે સમાજની બહેનો કે જેમણે ધો-૧૨ સાયન્સ પછી કોઈ પણ શાખામાં ડિગ્રી લીધા બાદ માસ્ટર ડીગ્રી મેળવી હોય તેમના સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાનાર છે અને આ ઉપક્રમે યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

જે બહેનો લાભ લેવા ઈચ્છતી હોય તેમને સંસ્થા દ્વારા ૭ માર્ચ પહેલા વિમળાબેન અયાચી ૯૪૨૬૩૫૬૦૧૭, અંજનાબેન ગોર ૯૪૨૮૬૧૪૪૮૨ તથા પ્રતિમાબેન ત્રિવેદી ૯૭૨૩૯૮૫૫૩૮નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે. સાથે સાથે જે બહેનો જાતે ઉપસ્થિત રહેશે તેમને જ એવોર્ડ મળશે. પ્રતિનિધિને મળશે નહિ તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૩
બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા તા. ૧૫ માર્ચના રોજ એક દિવસીય પ્રવાસ ભાવનગર ખોડિયાર મંદિર, શિહોર-નવનાથ, ઘેલા સોમનાથ, સારંગપુરનું આયોજન કરવામાં આવ્યું છે. જે બહેનો આ પ્રવાસમાં જોડાવવા ઈચ્છતા હોય તેમણે વિમળાબેન અયાચી ૯૪૨૬૩૫૬૦૧૭, અંજનાબેન ગોર ૯૪૨૮૬૧૪૪૮૨ તથા પ્રતિમાબેન ત્રિવેદી ૯૭૨૩૯૮૫૫૩૮નો સંપર્ક કરી નામ નોંધાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## સમર્પણ કોલેજ ખાતે એનએએસીનું બે દિવસીય મૂલ્યાંકન યોજાશે

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરની સેકટર-૨૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એનએએસી પીઅર ટીમ દ્વારા તા. ૫ અને ૬ માર્ચ દરમિયાન મૂલ્યાંકન યોજાશે. આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૩ વર્ષથી ગાંધીનગરમાં અનેકવિધ પ્રવૃત્તિથી ગુજરાતભરના શૈક્ષણિક વર્તુળોમાં જાણીતી બનેલી સંસ્થા સમર્પણ કોલેજ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સેવેલ અને સાકાર થયેલ સ્વપ્ન છે. સંસ્થાનો આદર્શ સમાજના સર્વક્ષેત્રોમાં શિક્ષણ અને માનવીય અભિગમનું વાવેતર કરવાનો છે. કોલેજમાં મંગળ અને બુધવારે યોજાનારા મૂલ્યાંકનમાં સંસ્થાની શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ વિશે આવનાર શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા તટસ્થ પરીક્ષણ કરવામાં આવશે તેમજ સંસ્થાના સંચાલકો, અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરે સાથે સંવાદ પણ કરશે. આ મૂલ્યાંકનને ઉત્તમ બનાવવા સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, કાર્યકારી આચાર્ય, ડૉ. દીપક પંડયા, આઈકયુએસી કોઓર્ડિનેટર, ડૉ. ઋચા બ્રહ્મભટ્ટ અને સંસ્થાનો સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યો છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા

ગાંધીનગર, તા.૩
ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા વિદ્યાર્થીઓ માટે સલાહસૂચન સાથે શુભેચ્છા પાઠવવામાં આવે છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રની એક દિવસ પહેલા મુલાકાત લેવી, વડીલોના આશીર્વાદ લેવા, વાહન ધીરે ચલાવવું, રીસીપ્ટ ચકાસી લેવી, મગજ તથા શારિરીક સ્થિતિ શાંત રાખવી અને કોપી ન કરવી તેમ જણાવાયું છે.

## શહેરમાં સંતવાણી લોક ડાયરાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩
દલિત સમાજના ધર્મગુરુ સંતશ્રી સવગુણ સમાધિસ્થાન ઝંઝરકાના સંતશ્રી બળદેવનાથજી સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે પૂ. બળદેવનાથજીની ૭૫મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સંતવાણી અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહંતશ્રી શંભુનાથજી મહારાજ, સાંસદ-રાજયસભા, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડીયા અને ભાજપ અનુ. જાતિ મોરચાના મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકો તથા વિશિષ્ટ પ્રતિભાઓનું મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતવાણીના આરાધક જીતુભાઈ રાઠોડ, જગદીશભાઈ ચૌહાણ અને ચંદુભાઈ પુરબીયા ગૃપે મહંતશ્રીના ભજનો અને અન્ય લોકગીતોની રસલ્હાણ કરી હતી.

જેરામભાઈ પી. સોલંકી-પ્રમુખ, રમેશભાઈ સોલંકી-મંત્રી અને નરસિંહભાઈ, બાબુભાઈ જાદવ, રામજીભાઈ રાઠોડ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભાનુપ્રસાદ દવેએ ઝાંઝરકાના સવૈયાનાથ, બ્રહ્મલીન મહંત બળદેવનાથજી તથા સાંસદ શ્રી શંભુનાથજી મહારાજની ભકિત-તપસ્યા તથા જનસેવા વિશે વિસ્તૃત માહિતીપ્રદ પ્રાસંગિક વાત કરી હતી. સુરેશભાઈ પારધી સામાજિક કાર્યકરે સંચાલન કર્યુ હતું. આ પ્રસંગે ધર્મપ્રેમી જનતા વિશાળ જન સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## આજે ગીર ફાઉન્ડેશન ખાતે ‘વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે’ની કરાયેલ ઉજવણી

ગાંધીનગર, તા.૩
ગુજરાત ઈકોલોજીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (“ગીર”) ફાઉન્ડેશન, ગાંધીનગર અને ગુજરાત વન વિભાગના સંયુકત ઉપક્રમે તા.૩/૩/૨૦૧૯ ના રોજ ‘વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે - ૨૦૧૯’ ઉજવણીના ભાગરૂપે ‘મરીન ઈકોસિસ્ટમઃ રિસોર્સી સ્ટેટસ અને મેનેજમેન્ટ ચેલેન્જીસ’ વિષય પર “ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે ૧-દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વર્ષની થીમ “લાઈફ બીલો વોટરઃ ફોર પીપલ એન્ડ પ્લેનેટ” ને ધ્યાને લઈ મહાસાગરો, સમુદ્રો અને દરિયાઈ સંસાધનોના સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ વિશે જાગરૂકતા વધારવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આર. ડી. કમ્બોજ, આઈએફએસ, નિયામકશ્રી, “ગીર” ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અક્ષય કુમાર સકસેના, આઈએફએસ, અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી (વન્યજીવ), ગુજરાત રાજય ઉપસ્થિત રહ્યા હતા તથા તેઓની સાથે જી.






યાદૈયાહ, આઈએફએસ, એપીસીસીએફ, સામાજીક વનીકરણ-૧ (નરેગા), જી. રામના મૂર્તિ, આઈએફએસ, સીસીએફ, ગાંધીનગર સર્કલ અને ડો. સી.એન. પાંડે, આઈએફએસ (નિવૃત્ત) અને પ્રોફેસર, આઈઆઈટી ગાંધીનગર વિશિષ્ટ મહેમાનો તરીકે હાજર રહ્યા હતા.

‘વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે-૨૦૧૯’ ની ઉજવણીના ઉપલક્ષમાં ગુજરાતની વિવિધ રાજય-સ્તરની સંસ્થાઓના નિષ્ણાતોએ દરિયાઈ ઈકોસિસ્ટમ સંસાધનોની સ્થિતિ અને વ્યવસ્થાપન પડકારો સંબંધિત વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

આ કાર્યક્રમનો વિવિધ યુનિવર્સિટીઓના સંશોધકો, શિક્ષણશાસ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ, ગુજરાત વન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ અને ગુજરાતની અલગ અલગ સંશોધન સંસ્થાઓના અધિકારીઓ/કર્મચારીઓએ લાભ લીધો હતો. ‘વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે-૨૦૧૯’ ઉજવણીના એક દિવસીય સેમિનારમાં અંદાજે ૧૬૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમથી રાજયની અગ્રણી યુનિવર્સિટીઓ, રાજય સરકારની સંશોધન સંસ્થાઓ અને ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સ્ટાફના વૈજ્ઞાનિક અધિકારીઓના સંશોધન, વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થયો હતો.

અંતતઃ આ ઉજવણીથી દરિયાઈ ઈકોસિસ્ટમના સંરક્ષણ માટેના અનુભવો અને વિચારોના વિનિમય માટે એક મહત્વપૂર્ણ તક મળી હતી, જે દરિયાઈ વિસ્તારો સબંધીત પર્યાવરણીય મુદ્દાઓના ઉકેલ તેમજ સ્થાનિક સમુદાયની આજીવિકા સુરક્ષાને માટે અત્યંત જરૂરી છે.